# સાહિત્ય સ્વાયત્ત હોય, સરકાર નહીં | પરેશ નાયક

લોકશાહી સમાજમાં સાહિત્ય સ્વાયત્ત હોય કે નહીં એ પ્રશ્ન અસ્થાને છે. એ જ રીતે, જાહેર સંસ્થાઓ નિયમોથી બંધાયેલી હોય એ વાત પણ કોઈએ કોઈને સમજાવવાની જરૂર ન હોય. પરંતુ જે વાત આપણે સૌએ વેળાસર સમજી લેવાની જરૂર છે તે એ કે લોકશાહી સમાજમાં પ્રજા સ્વાયત્ત હોય, સરકાર નહીં. મર્ત્ય છે સરકારો, સાહિત્ય કળા છે. એ અમર છે. કોઈ સરકાર સાહિત્યની સ્વાયત્તતાને બાંધી તો જુએ ? જે સરકારોએ એવી નાદાની કરી એ નામશેષ થઈ.

સરકાર પ્રજા થકી જન્મે છે. પ્રજાએ એને સોંપેલી સત્તા વડે એ પ્રજાના હિતમાં કાર્ય કરવા બંધાયેલી છે. જે અર્થમાં સાહિત્ય સ્વાયત્ત છે તે અર્થમાં કોઈ લોકશાહી સરકાર કદાપિ સ્વાયત્ત હોય નહીં. જે લોકશાહી સમાજમાં સાહિત્યિક સંસ્થાઓના આંતરિક માળખા અંગે સરકાર સ્વાયત્તપણે વર્તે, ને સાહિત્યિક સંસ્થાના પ્રમુખ નીમવા વિશે હકદાવો માંડે, ત્યારે સૌ નાનામોટા લેખકો, સાહિત્યકારો, કળાકારોએ ચેતવું જોઈએ, કેમ કે આટલી છૂટ મેળવ્યા બાદ જે-તે 'સ્વાયત્ત સરકાર' સાહિત્યની પોતીકી વ્યાખ્યા રચવા વિશે પ્રવૃત્ત ન થાય તો જ નવાઈ.

લોકશાહી ઢબે વરાયેલી સરકારનું કામ સાહિત્યનું સંચાલન કરવાનું નથી, રાજ્યનું સંચાલન કરવાનું છે. કળા અને સાહિત્યની સંસ્થાઓ કલાકારો અને સાહિત્યકારો વડે ચાલે, સરકારી નિયામકોની મુન્સફી મુજબ નહીં. માટે, સાચી રાજનીતિ પણ કદાચ એ લેખાય કે ઓછી સર્જકતાવાળા કેટલાક મહત્ત્વાકાંક્ષી લેખકો સરકારને સાહિત્ય-સંચાલનનો બોજ વહેવા નોતરું આપે તો એ ઠુકરાવી દેવાય. સરકાર અને સાહિત્ય બેઉનાં ભવિષ્ય માટે આ યોગ્ય ગણાય.

ઉમાશંકર અને દર્શક જેવા બે મહાન ગુજરાતી સાહિત્યકારોએ જે વાત પ્રજા અને સરકાર બેઉને સહજ સમજાવી હતી તે જ વાત આજે પેચીદી વરતાય એવું શબ્દછળ કેટલાક લેખકો અને સરકારી પ્રતિનિધિઓ આજે ફેલાવી રહ્યા છે.

ગુજરાતી વાચકોએ, પત્રકારોએ, ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થીઓએ તથા યુવા લેખકોએ આ છળને પકડી પાડવા જેટલી દૂરંદેશી દાખવવાની જરૂર છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણીય લોકશાહી માળખામાં દખલઅંદાજી કરીને તથા ચૂંટણીપ્રક્રિયા ટાળીને, સરકારની પસંદગીના નિયામક લાદવામાં આવ્યા. એ સાથે ગુજરાત રાજ્યની ચૂંટાયેલી સરકારે બંધારણીય લોકશાહીની પવિત્ર મર્યાદાનું ઉલ્લંઘન કર્યું. આટલી સ્પષ્ટ વાતને ઘૂંટવા ને પડઘાવવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદે, નાછૂટકે, ચૂંટાયેલી સરકાર સામે ખિલાફતનું વલણ અપનાવવું પડ્યું.

'મારી વાચનકથા'માં મનુભાઈ પંચોળી 'દર્શક' ઇ.એચ.કારના પુસ્તક 'ન્યૂ સોસાયટી'ના પ્રભાવને યાદ કરતાં 'બધા ભાગ લઈ શકે તેવી લોકશાહી'ની વાત કરે છે. એમાં દર્શક નોંધે છે કે પ્રગતિ માટેના એક અનિવાર્ય મૂલ્ય લેખે ઈ.એચ.કારે સ્વાયત્તતાને 'સર્જનાત્મક કાર્યો માટેના અવકાશ' તરીકે વ્યાખ્યાયિત કરી છે. ઇતિહાસવિદે ઇ.એચ.કારની આ વ્યાખ્યા વિશે 'દર્શક' લખે છે :

'ઇચ્છું કે આ વ્યાખ્યા સૂર્યનાં પ્રસરતાં કિરણોની જેમ અવારનવાર વિકસ્યા કરે.' પોતાના જીવનકાળ દરમ્યાન દર્શકે એમની ઉપરોક્ત ઇચ્છા સાકાર કરવા અનેક પ્રયાસો કર્યા હતા તે ગુજરાતી પ્રજા અને ગુજરાતી સરકાર બેઉને સુવિદિત છે. સ્વાયત્ત ગુજરાત સાહિત્ય અકાદમી પણ એમાંનું જ એક મહત્ત્વનું ડગ હતું તે પણ સૌ જાણે છે.

ત્યારે, આજે હવે, સ્વાયત્ત અકાદમીના એ ચૂંટાયેલા પ્રમુખના આવા ઐતિહાસિક કદમને ભૂંસાતું જોઈ આંખ આડા કાન કરનારા કેટલાક ગુજરાતી સાહિત્યકારો પણ છે જે 'દર્શક'ના જ જીવનદર્શનના વારસદાર હોવાના હકદાવે પોતાના ટૂંકા કદને દર્શકથી ઊંચું અને સ્વનામને 'દર્શક'ના નામથી મોટું કરવા ગુજરાતી સાહિત્યના પર્યાવરણ વિશે ગંભીર ઐતિહાસિક છેકભૂંસ કરી કરાવી રહ્યા છે. આ આઘાતજનક અને દુઃખદ છે.

ગુજરાતના યુવા લેખકોને સ્વાયત્ત અકાદમી માટેની પરિષદની આગ્રહપૂર્વકની ખેવના તરત કળાતી નથી તેની પાછળ પણ આ, આવા, અને અન્ય પ્રસિદ્ધ ને પુરસ્કૃત સર્જકોની ટૂંકી સ્વાર્થવૃત્તિ નિમિત્ત બની રહી છે તે સવિશેષ દુઃખની બાબત છે

ઉપર સૂચવ્યા તેવા થોડાક લેખકો, સાહિત્યકારો ઉપરાંત કેટલીક સાહિત્યિક સંસ્થાઓ, જે તાત્ત્વિક અર્થમાં પરિષદના જ જળે સિંચાઈને પલ્લવિત થઈ તે આજે સાહિત્યેતર સમીકરણોને વશવર્તીને સાહિત્યિક મૂલ્યોનાં સરકારી અર્થઘટનોને સમર્થન આપવામાં નિમિત્ત બની બેસે છે તે પણ ગુજરાતી સાહિત્ય અને સંશોધનના ભાવિ માટે અમંગળની એંધાણી આપે છે.

એક ઉપર બીજા વણચૂંટાયેલા પ્રમુખ થોપી દેવાતાં આજે હવે 'સ્વાયત્ત' વિશેષણ ગુજરાત સાહિત્ય અકાદમીને બદલે ગુજરાત સરકાર સાથે સાંકળવું પડે છે ત્યારે લોકશાહી અને સ્વાયત્તતા બેઉનું અવમૂલ્યન થાય છે. લોકશાહી સમાજમાં સર્જકની સ્વાયત્તતાનું અવમૂલ્યન થવાની ઘટના નાગરિક તરીકેની સ્વાયત્ત વિશે પણ, તરત નહીં તો તરત પછી, 'કેટસ્ટોફિક' પ્રત્યાઘાતો નિપજાવશે.

માટે, નરસિંહબાનીની સાખે, સત્તાના સાન્નિધ્યમાં ભાસતા 'અટપટા ભોગો'ને છાંડીને 'જાગીને જોઈએ' તો જ સવાર પડવાની છે એટલું સમજી લઈએ તો સારું.

❑